## પોલીસ કમીશ્નર અને કલેક્ટર ઘટના સ્થળે પહોંચ્યાં : ગેમ ઝોન બંધ કરવાનો આદેશ

# રાજકોટમાં અગ્નિ તાંડવ : ૨૬ જીવતા ભુંજાયાં

### પાંચ કિલોમીટર સુધી વિકરાળ આગ જોવા મળી : આગ લાગવાનું ચોક્કસ કારણ પ્રાથમિક તપાસમાં જાણવા ન મળ્યું : મૃતદેહો ઓળખાય નહીં તેવી ભીષણ આગ ભભુકી ઉઠેલ

### શ્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સાથે વાતચિત કરી : મૃતકોમાં મોટા ભાગનાં ગોંડલનાં : બચાવ ટીમોએ અનેક લોકોને બચાવ્યાં : તપાસ માટે કમિટીની રચના થઇ



અમરેલી,

રાજકોટ સયાજી હોટલ પાછળ ટીઆરપી ગેમ ઝોનમાં ભયંકર આગ ભભુકતા સર્જાયેલી દુર્ઘટનામાં મૃત્યુઆંકમાં સતત વધારો થઈ રહયો છે, અનેક પરિવારના માસુમ ભૂલકાંઓ દુર્ઘટનાનો ભોગ બન્યા છે, અત્યાર સુધીમાં ૨૪ મૃતદેહ મળ્યા છે અને ૨૬ નાં મોત થયાનું અનુમાન છે. આ કરુણાંતિકાને પગલે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજકોટના જવાબદાર અધિકારીઓ સાથે ટેલિફોનિક ચર્ચા કરીને વિગતો મેળવી આ દુર્ઘટનાની તપાસ માટે કમિટીની રચના કરી છે. જયારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ ઉપર જણાવ્યું છે કે, રાજકોટમાં આગની દુર્ઘટનાએ આપણે સૌને દુ:ખી કરી દીધા છે. ઘટના અંગે સ્થાનિક પ્રશાસન શક્ય તમામ કામગીરી કરી રહ્યું છે અને ગુજરાતનાં મુખ્યમંત્રી પાસેથી માહિતીઓ પણ મેળવી છે.

આ દરમિયાન રાજકોટ TRP ગેમઝોનમાં દુર્ઘટનામાં માલિકની અટકાયત કરી લેવાય હોવાનું જાણવા મળે છે મળતી વિગત મુજબ પોલીસે માલિક સહિતના શખ્શોની પણ અટકાયત કરી લીધી છે, યુવરાજસિંહ, પ્રકાશ જૈન , રાહુલ રાઠોડ સહિતનાને પોલીસ સ્ટેશને લઈ જવાયા હોવાનું પણ જાણવા મળે છે દુર્ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

રાજકોટમાં નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ભીષણ આગની ઘટનામાં અત્યાર સુધી ૨૪ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. આ ગેમ ઝોનમાં આગ લાગતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવી રહી છે. અહેવાલો પ્રમાણે, આ પછી ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

આ દરમિયાન અનેક લોકોને બચાવી પણ લેવાયા છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને કલેક્ટર ઘટના સ્થળે પહોંચ્યા હતા, જેમણે સમગ્ર ગેમ ઝોન બંધ કરવાનો આદેશ આપ્યો છે.

નાના મવા રોડ પરના ટીઆરપી ગેમ ઝોનમાં અચાનક આગ લાગી હતી. ગેમ લાગેલી ભીષણ આગ એટલી વિકરાળ હતી કે, પાંચ કિલોમીટર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા. આ અંગે રાજકોટ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, ‘પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.’

આગની ઘટનાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘X’ પર પોસ્ટ કરીને લખ્યું ’રાજકોટમાં ગેમ ઝોનમાં સર્જાયેલી આગની દુર્ઘટનામાં તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી માટે મહા નગરપાલિકા અને વહીવટી તંત્રને સૂચના છે. ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક સારવાર મળે તે માટેની વ્યવસ્થાઓને પ્રાથમિકતા આપવાની પણ સૂચના અપાઈ છે.’

આ બનાવની જાણ થતાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેમણે જાનહાનિની આશંકા વ્યક્ત કરતાં તમામ લોકો સલામત બહાર આવે તેવી પ્રાર્થના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ’અત્યારે આગ બૂઝાવવાની છે. આ મામલે જે કોઈ પણ જવાબદાર હશે, તેને છોડવામાં નહીં આવે.

---

ઓળખી ન શકાય તેટલી હદે માનવીઓ ભડથુ

## અગ્નિ તાંડવમાં મૃત્યુ પામનારની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ

### ઘણા મૃતદેહો ખરાબ રીતે સળગેલા હોય ઓળખાયા નથી

આ ભીષણ આગમાં મૃતદેહો ઓળખાય નહીં એ હદે સળગી ગયા હતા. આ અંગે પોલીસ કમિશનરે કહ્યું કે, ઘણાં મૃતદેહો બળી ગયેલા છે. હાલ કેટલાક મૃતદેહની ઓળખ પણ થઈ શકી નથી, પરંતુ અમે ડીએનએ ટેસ્ટ કરી મૃતદેહો ઓળખીશું.

---

રાજકોટમાં બનેલી ઘટનામાં

## મરનાર તમામ ગોંડલનાં હોવાની પ્રાથમિક વિગતો

### અગ્નિકાંડમાં અનેક મૃતદેહો રાખમાં ફેરવાઇ ગયાં

ગેમ ઝોનની સફરે આવીને આગના મોતના મુખમાં ધકેલાઈ જનારા તમામ મૃતકો ગોંડલના હોવાનું કહેવાય છે. આ દરમિયાન કુલ ૨૪ મૃતદેહ રાજકોટ સિવિલમાં ખસેડાયા છે. પ્રત્યક્ષદર્શીઓના મતે અનેક મૃતદેહો રાખમાં ફેરવાઈ ગયા હતા, જ્યારે કેટલાકની તો ઓળખ પણ થઈ શકે એમ ન હતી.

---

મે મહિનામાં પાંચ વર્ષે ફરી અગ્નિ તાંડવ

## ૨૪મીએ સુરતમાં તક્ષશીલા કાંડ અને ૨૫મીએ રાજકોટમાં અગ્નિકાંડ

### ૨૦૧૯માં સુરતમાં સરથાણામાં ૨૧ વિદ્યાર્થીઓ ભુંજાયા હતાં

૨૪મેનાં રોજ ૫ વર્ષ પૂર્ણ થયા છે અને અત્યારે રાજકોટનો આ અગ્નિ કાંડ. સુરત તક્ષશિલા આગ ઘટના ૨૪ મે, ૨૦૧૯ના રોજ સુરતના સરથાણા વિસ્તારમાં તક્ષશિલા આર્કેડ બિલ્ડિંગમાં બની હતી. આ ઘટનામાં કોચિંગ સેન્ટરમા રહેલા બાળકોના મોત થયા હતા જ્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં હતા. જેમાં ૨૧ વિદ્યાર્થીઓના તેમજ ઘણા ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારે પણ આ માસુમ બાળકોનો જીવ ગયો હતો.

---

રાજકોટમાં બનેલી દુર્ઘટનાની જાણ થતા

# પશ્ચિમ બંગાળથી શ્રી પરશોત્તમ રૂપાલા રાજકોટ આવવા રવાના

### દુર્ઘટનાની જાણ થતા દુ:ખની લાગણી અને મૃતકોનાં પરિવાર પ્રત્યે સંવેદનાં વ્યક્ત કરી : આજે સવારે ૮ વાગ્યે શ્રી રૂપાલા રાજકોટ આવી પહોંચશે : દુર્ઘટના અંગે વહિવટી તંત્રનાં સંપર્કમાં

અમરેલી,

રાજકોટમાં બનેલી દુર્ઘટનાની જાણ થતા પશ્ચિમ બંગાળથી શ્રી પરશોત્તમ રૂપાલા રાજકોટ આવવા



રવાના થયા હોવાનું જણાવા મળેલ છે. કેન્દ્રીય કેબીનેટ મંત્રીશ્રી પરશોત્તમ રૂપાલાએ દુર્ઘટનાની જાણ થતા દુ:ખની લાગણી અને મૃતકોનાં પરિવાર પ્રત્યે સંવેદનાં વ્યક્ત કરી હતી. આજે સવારે ૮ વાગ્યે શ્રી રૂપાલા રાજકોટ આવી પહોંચશે. શ્રી રૂપાલા દુર્ઘટના અંગે વહિવટી તંત્રનાં સંપર્કમાં છે.

---

## રાજકોટ ખાતે ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલ આગમાં ભૂલકાઓના મૃત્યુ થવા પર દુ:ખ ની લાગણી વ્યક્ત કરતા યુવા નેતા શ્રી મનીષ સંઘાણી

અમરેલી, રાજકોટ ખાતે આવેલ ગેમ ઝોનમાં આગ લાગી હતી જે જોત જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું જેમા ૨૨ વધુ બાળકોના મૃત્યુના સમાચાર મળતાં યુવા નેતા શ્રી મનીષ સંઘાણી દ્વારા દુ:ખની લાગણી વ્યક્ત કરતા તમામ મૃત્યુ પામેલા ભૂલકાઓને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને તેઓના પરીવાર ને દુ:ખ સહન કરવા માટે ઈશ્વર આપે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

---

## રાજકોટની ઘટનામાં જીવ ગુમાવનારના પરિવારોને દુખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના : શ્રી નારણ કાછડીયા

અમરેલી, રાજકોટની ઘટના જીવ ગુમાવનારના પરિવારોને દુખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે શ્રી નારણભાઈ કાછડીયાએ દુખની લાગણી વ્યક્ત કરી હતી. રાજકોટ ખાતે ટીઆરપી ગેમઝોનમાં આગ લાગવાના બનાવના સમાચાર થી વ્યથિત છું. બનાવમાં જીવ ગુમાવનાર લોકોની દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અસહ્ય દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કર્યાનું શ્રી નારણભાઈ કાછડીયાએ જણાવ્યુ છે.

---

## રાજકોટની ઘટનામાં દિવંગતોને શ્રધ્ધાંજલી પાઠવતા કોંગ્રેસનાં શ્રી જેનીબેન ઠુંમર, શ્રી વિરજીભાઇ ઠુંમર

અમરેલી,

રાજકોટમાં ફાયર એનઓસી વગર ગેમ ઝોનની ઘટના ખુબ દુ:ખદ છે. તેમ પ્રદેશ કોંગ્રેસનાં મહિલા પ્રમુખ શ્રી જેનીબેન ઠુંમર અને શ્રી વિરજીભાઈ ઠુંમરે શ્રધ્ધાંજલી પાઠવી હતી.

---

## રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગની ઘટનાના સમાચાર સાંભળી ખૂબ વ્યથિત અને દુ:ખી છું : શ્રી અશ્વિન સાવલીયા

અમરેલી,

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગની ઘટનાના સમાચાર સાંભળી ગુમ વ્યથિત અને દુખી છુ તેમ અમરેલી અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિન સાવલીયાએ જણાવ્યુ છે. મૃત્યુ પામનારા બાળકો, નાગરિકોના આત્માની શાંતિ અર્થે અને તેમના પરિજનો પર આવી પડેલ આ દુ:ખની ઘડીને સહન કરવાની શકિત અર્થે ઈશ્વરને પ્રાર્થના કરું છું. ઘાયલ થયેલા નાગરિકો ઝડપથી સારૂ સ્વાસ્થ્ય મેળવે તેવી લાગણી વ્યક્ત કરું છું. તેમ શ્રી સાવલીયાએ જણાવ્યુ છે.

---

## કેશોદમાં એસએમસીની ટીમે સાડા નવ લાખનો બાયો ડીઝલનો જથ્થો ઝડપી લીધો

અમરેલી,

એસએમસીની ટીમે કેશોદ હાઈવે ઉપર ત્રાટકી રૂપીયા સાડા નવ લાખનો બાયો ડીઝલનો જથ્થો ઝડપી લીધો હતો. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર સ્પેશ્યલ મોનીટરીંગ સેલના એસપી શ્રી નિર્લીપ્ત રાયની સુચના અને માર્ગદર્શન નીચે એસએમસીની ટીમ કેશોદ નેશનલ હાઈવે ઉપર આવેલ ડીઝલ પંપે ત્રાટકી હતી અને પીપળીયા નગર ત્રણ રસ્તા પાસે જયદ્વારકાધીશ પાનની દુકાન પાસે ખુલ્લી જગ્યા માંથી ૧૩,૧૦૦ લીટર બાયોડીઝલનો જથ્થો રૂ.૯,૫૯,૨૦૦ અને ત્રણ મોબાઈલ કીંમત રૂ.૧૫,૦૦૦ બે ટ્રક કીંમત રૂ.૩૦ લાખ અને રૂ.૭૯,૬૭૦ ની રોકડ મળી કુલ ૪૧,૭૪,૫૭૦ના મુદામાલ સાથે ભાવેશ પુંજા રાવલીયા પીપળી અને મહોમદ હસન ચૌહાણ વાવડી ગીર સોમનાથ તથા રફીકશાહ એહમદ બાનવા સીડોકર ગીર સોમનાથને પકડી પાડેલ છે જ્યારે આ દરોડામાં ૭ શખ્સોને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

---

પહેલા છાશવારે મિતીયાળા કે ગીરનાં આરક્ષીત વિસ્તારમાં દવ લાગતા હતાં

# કાળઝાળ ગરમી છતા ગીરનાં જંગલમાં હવે દવ લાગતા કેમ બંધ થઇ ગયાં..?

### જંગલ પાંખુ થઇ ગયું છે? કટીંગ થઇ ગયું છે? કે પછી જંગલની અંદર વનતંત્ર ખરેખર તકેદારી રાખી રહ્યું છે ? : વન્યપ્રેમીઓમાં અનેક પ્રકારની ચર્ચાઓ

અમરેલી,

પહેલા છાશવારે મિતીયાળા કે ગીરનાં આરક્ષીત વિસ્તારમાં દવ લાગતા હતાં પણ હાલની ૪૫ ડીગ્રી જેવી કાળઝાળ ગરમી છતા ગીરનાં જંગલમાં દવ લાગતા કેમ બંધ થઈ ગયાં? તેવા સવાલ સાથે જંગલ પાંખુ થઈ ગયું છે? કટીંગ થઈ ગયું છે? કે પછી જંગલની અંદર વનતંત્ર ખરેખર તકેદારી રાખી રહ્યું છે? તેવી અટકળો સાથે વન્યપ્રેમીઓમાં અનેક પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે.

દવ લાગે તેના બીજા વર્ષે જંગલની રાખ ખાતર બની ઘટાટોપ જંગલ ઉભુ કરતી હતી પણ એ દવ કુદરતી હતા કે માવનસર્જીત હતા તે લગભગ બહાર આવ્યું નથી. અત્યારનાં દવ લાગતા બંધ થયા તે પણ મોટી વાત છે પણ અત્યાર સુધી શું થતુ હતું તેની તપાસ પણ થવી જોઈએ.

---

## રાજુલાના સેવાભાવી શ્રી રાયચાનો આજે જન્મદિવસ



રાજુલા સમાજ ના પ્રતિષ્ઠિત એવા સમાજ ના અગ્રણી અને જેના દરેક કામ માંનિસ્વાર્થ સેવાકાર્ય કરતો આ નવયુવાન અને નાની ઉમર માં મોટું નામ અને હંમેશા સમાજ તેમજ દરેક વ્યક્તિ ના સુખ અને દુ:ખ માં સતત સાથે રહેતા અને જેને અડધી રાત નો હોંકારો કહેવાય અને રાજુલા શહેર ના નાની ઉમર ના યુવાન વેપારી રાજુલા નગર પાલિકા પૂર્વ પ્રમુખ હર હંમેશ રાજુલા વિસ્તાર ના દરેક કામો માટે અગ્રેસર રહેનાર એવા દીપકભાઈ રાયચા (પીન્ટુભાઈ) નો જન્મ દિવસ છે તેના જન્મ દિવસ હોય ત્યારે રાજુલાના વેપારીઓ અગ્રણીઓ સમાજના તમામ લોકો તેમજ રાજકીય આગેવાનો તેમજ મિત્રો ની તેમના મોબાઈલ પર ૯૮૯૮૨૫૨૮૩૧ પર શુભેચ્છા નો ધોધ વરસી રહ્યો છે.


... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫












વોટર પ્રુફીગ (લેખીત વોરંટી સાથે)
(ફકત ઈમ્પોર્ટેડ વોટર પ્રુફીગ મટીરીયલ વડે)
• ધાબા :- ચાઈના મોઝેક વાળા, ટાઇલ્સ વાળા, કોંક્રીટવાળા
• પતરા :- કોઈપણ જાતના પતરાનું લીકેજ
સંક સ્લેબ પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટૅરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીગ કરી આપીશું.
નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીગ કરાવવા અચુક સંપર્ક કરો.
ડીઝાઈન એન્જીનીયરીગ અને વોટરપ્રુફીગ કન્સલટન્સી
(સુરેન્દ્રનગરવાળા - અમારી બીજી કોઈ શાખા નથી)
કોન્ટેકટ નંબર :- 7567191919, 9898325787





અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન
જય રામદેવ ટ્રાવેલ્સ
તદ્દન ન્યુ બ્રાન્ડ A/C, NON A/C બસ
નેસડીથી સુરત
તાતણીયાથી સુરત
ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL
ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત
ટાઇમ રાત્રે ૭,૮,૯
ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી
અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦
ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,
Online Booking : www.jayramdevtravels.com

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઈમ્સ
તા.૨૬-૦૫-૨૦૨૪ રવિવાર

## ત્રીજી ટર્મ હાથમાં આવવાના સ્વપ્નમાં વિહાર કરતા ભાજપ પાસે હવે નવું કંઈ છે કે એનું એ?

હવે લોકસભાની ચૂંટણીનો છેલ્લો એક તબક્કો જ બાકી રહ્યો છે. ત્રીજી ટર્મના જો ભાગ્ય ઊઘડે તો ભાજપને સત્તા મળે કે ભાજપના ભાગ્ય ફળે તો ત્રીજી ટર્મ મળે...? કોઈ પણ દેશના અર્થતંત્રની એ નૈતિક જવાબદારી છે કે સરકારના આર્થિક સિદ્ધાન્તો મહાભારતકાલીન ચાર્વાકના સિદ્ધાન્તની લગોલગ ન આવી જાય. દેવું કરો અને ઘી પીવો એ ચાર્વાકસૂત્ર ખરેખર તો અમલ ન કરવા માટેની એક સીમારેખા છે. પરંતુ કેન્દ્રના નાણાંપ્રધાન નિર્મલા સીતારામને ચૂંટણી પૂર્વે કહેલા આર્થિક આયોજનમાં તો સરવાળે તો ચાર્વાક તરફનો જ ઝૂકાવ દેખાય છે. ચૂંટણીના વાતાવરણમાં સીતારામનની ચૂપકિદી નોંધપાત્ર છે. પિયુષ ગોયલ અને ગડકરી જેવા વાણિજ્ય નિષ્ણાતો પણ ઉતાવળા વિધાનોથી મુક્ત રહ્યા છે.

જેમને બોલવાનો હક છે તે ચૂપ છે એની આ પ્રતીતિ છે. સરકારના મુખ્ય આર્થિક સલાહકાર કે. વી. સુબ્રમણ્યને હમણાં પત્રકારોને કહેલી વાતો બૌદ્ધિક રીતે તો ચિત્તાકર્ષક છે પરંતુ વાસ્તવિક ધરાતલ પર સરકારની આર્થિક ઈન્દ્રજાળ જોખમથી ભરેલી છે. એ વાત ખરેખર સાચી છે કે લોકડાઉનને કારણે અગાઉ સાવ તળિયે બેસી ગયેલા અર્થતંત્રએ વી આકારે નોઝ ડાઈવિંગ કર્યા પછી અનલોકથી ફરી ઊંચે જવાની શરૂઆત કરી હતી. આજની વૈશ્વિક મંદીના પડછાયામાં દુનિયાના સંખ્યાબંધ દેશોની હાલત આવી જ છે.

સીતારામને કહેલી વાતોનો સારાંશ એ છે કે દેશનું અર્થતંત્ર સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ ગયું છે. એક ઘોર અંધારી રાત પસાર થઈ ગઈ છે અને હવે નૂતન પ્રભાતનાં કિરણો પ્રગટ થયા છે. શેરબજાર અને ઝવેરીબજાર એના સંકેતો સમયાંતરે આપે જ છે. આમ તો નાણાંમંત્રીનું પદ જ આશાઓને અમર રાખવાની જવાબદારીનું છે. એટલે તેઓ જ્યારે પણ બોલે ત્યારે આશાઓનો ધોધ પડવાનો નક્કી હોય છે.

એ જેટલો વાસ્તવિકતાની નજીક હોય એટલું દેશનું આર્થિક ભવિષ્ય તંદુરસ્ત નીવડશે. સરકાર જેને વી શેઈપ રિકવરી કહે છે એ ત્યારે જ શક્ય બનશે જો સરકાર પહેલાની કેન્દ્રની નીતિગત આર્થિક ભૂલોની સુધારણા કરશે. સરકારની ધારણા પ્રમાણે ચાલુ નાણાંકીય વરસ ૨૦૨૪-૨૫ માં જીડીપી આધારિત સર્વગ્રાહી વિકાસદર ૧૧ ટકા સુધી ઊંચે જશે. જો કે સરકારે સંભાવના જ દર્શાવી છે તો પણ એ આજકાલ તો હસીન સપને જ લાગે. નવાઈની વાત એ છે કે આ અનુમાનિત વિકાસદર માઈનસ ૭.૭ ટકાના પતન પામેલા દરના આધારઅંક પરથી ગણતરી કરાયેલો છે.

જે રીતે અરૂણ જેટલીનું ગણિત, ગણિતના નિયમોની બહાર હતું એ જ રીતે નિર્મલા સીતારામનું ગણિત નિયતિ કૃત નિયમરહિતા છે. એ જલદી સમજાય એમ નથી. બેરોજગારીના વિવાદે ચડેલા આંકડાઓમાં પણ એવું જ હતું. અગિયાર ટકાનો કલ્પિત વિકાસદર એક ઊંચી છલાંગ છે. ભાજપ પ્રેરિત તમામ અર્થશાસ્ત્રીઓ માટે એ શ્રદ્ધાનો વિષય છે અને એટલે એને હાલ તો કાળના નિર્ગમન વિના પડકારી શકાય એમ નથી. સવાલ એ લક્ષ્યને હાંસલ કરવા માટેના સરકારના ઈરાદાઓ અને પ્રયુક્તિ-પ્રવૃત્તિનો છે.

વિવિધ યોજનાઓના જંગલ પરથી એટલું તો સ્પષ્ટ છે કે ચૂંટણી પછી જો એનડીએની સરકાર રચાશે તો સરકાર દેશમાં આંતરમાળખાકીય નવનિર્માણ માટે કામે લાગશે. વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો દ્વારા સરકાર જાહેર કાર્યોમાં અબજો રૂપિયા ઠાલવવાનું આયોજન ધરાવે છે એટલું નક્કી છે. એ માટે સરકાર મૂડી કઈ રીતે ઊભી કરશે એની સ્પષ્ટતા હજુ થઈ નથી. એટલે એ યોજનાઓ મુખ્યત્વે દેવું કરીને ઘી પીવાના ધોરણે જ ચાલશે.

આયાત-નિકાસનું ચિત્ર બહુ પ્રોત્સાહક છે. વૈશ્વિક મંદીને કારણે કુલ માલનું પ્રમાણ ઘટ્યું છે તો પણ આ વખતે કરન્ટ એકાઉન્ટ સરપ્લસ ( ચાલુ ખાતે ચડેલો નફો ) બે - ચાર ટકાની અભિવૃદ્ધિ બતાવે છે જે પણ છેલ્લા સત્તર વરસમાં નોંધાયેલો વિક્રમ છે. વિદેશી હૂંડિયામણનો ભંડાર પણ સેંકડો અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. જે પણ આજ સુધીનું સૌથી ઊંચુ સ્તર છે.

એમાં ચીને છેલ્લા છ મહિનાથી એકાએક વધારેલી આયાતોનું પણ મહત્યોગદાન છે. ચીન આગામી પાંચ વરસ માટે જીવન જરૂરી ચીજોનો નવો અનામત ભંડાર ઊભો કરે છે. ચીનની આ પ્રવૃત્તિ પણ રહસ્યમય અને યુદ્ધ પૂર્વે થતી હોય એવી જ લાક્ષણિકતા ધરાવતી તૈયારી છે. સરકાર દ્વારા થતી વિવિધ વસૂલાતો પણ ઊંચે ગઈ છે. ગત માસનું જીએસટી કલેક્શન એનો એક નાદર નમૂનો છે. ગ્લોબલ રેટિંગ એજન્સીઓ અનેક પ્રકારના તારણો વહેતા કરતી રહે છે અને એમાં કેટલાક મનઘડંત પણ હોય છે. સરકાર એની પરવા કર્યા વિના જો ધ્યાન આપે તો દેશના અર્થતંત્રમાં ઉક્ત સકારાત્મક સંકેતો પણ ઘણા છે. પરંતુ એ માટે એનડીએ સરકારે જેટલું પક્ષમાં ધ્યાન આપે છે એટલું ધ્યાન સરકારમાં આપવું પડે જે એને માટે એક અઘરું ગિરિશિખર છે.

એટલે સરકાર માટે રાજમાર્ગ એક જ રહે છે કે સરકારી ખર્ચ વધારે તો જ બેઠા થઈ રહેલા અર્થતંત્રને પ્રાણશક્તિ મળે અને તેજીની રફતાર પકડી શકે. નવી સરકારનું પરિપૂરક બજેટ વિવિધ આર્થિક પેકેજોનું સંગમતીર્થ હશે. કારણ કે નાણાંપ્રધાન હકીકતમાં આર્થિક પેકેજ પ્રધાન છે. નવી ટર્મ એનું પૂર્ણ પ્રતિબિંબ આપશે.

### ભગુડા ગામે મોગલ માતાજીના મંદિરે ચાલીને જતાં હોય તે દરમિયાન

# રાજુલાના વિશાળીયા ગામે રોડ કાંઠે બેસેલ ત્રણ પદયાત્રીઓને ફોરવ્હીલે હડફેટે લીધા

### પુર ઝડપે ફોરવ્હીલ ચલાવી ત્રણ યુવા પદયાત્રીઓને નાની મોટી ઈજાઓ કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) જાફરાબાદ તાલુકાના મિતીયાળા ગામના કાળુભાઈ ભવાનભાઈ મકવાણા ઉ.વ.૧૬, ઉમેશભાઈ કિશનભાઈ સોલંકી ઉ.વ.૧૭, કાનાભાઈ મોહનભાઈ ભીલ ઉ.વ.૧૭ ભગુડા ગામે મોગલ માતાજીના મંદિરે ચાલીને જતાં હોય તે દરમ્યાન રાજુલા તાલુકાના વિશળીયા ગામ પાસે આવતા તેમના એકને કુદરતે હાજતે ગયેલ અને બાકીના રોડ કાંઠે બેઠલ હતાં. તે દરમ્યાન મજાદર ગામ તરફથી એક ફોરવ્હીલ કારનો ચાલક પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રોડ કાંઠે બેઠેલ ત્રણ સગીરોને હડફેટે ચડાવતાં નાની મોટી ઈજાઓ કરી નાસી ગયાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ચલાલામાં ફોરવ્હીલે બાઇકને હડફેટે લેતા પ્રૌઢને ઇજા

### હાથે તથા જમણા પગમાં ફ્રેકચર કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) ચલાલા બરોડા બેન્ક સામે પ્રેમજીભાઈ નાનજીભાઈ વાળા ઉ.વ.૪૦ પોતાનું બાઈક રોડ નીચે સાઈડમાં રાખી મોબાઈલમાં વાતચીત કરતાં હોય. તે દરમ્યાન અમરેલી તરફથી એક અજાણ્યો સફેદ કલરની ફોરવ્હીલના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી પ્રેમજીભાઈના બાઈક સાથે ભટકાવી જમણા હાથે ખભાના ભાગે તથા જમણા પગના નળામાં ફેકચર કરી માથાના કપાળના ભાગે ત્રણ ટાકાની ઈજા કરી નાસી ગયાની ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારીના ત્રંબકપુર સીમમાં પીજીવીસીએલનો રૂપિયા ૨૭ હજાર ઉપરાંતનો વાયર ચોરાયો

### કુલ ૧૨૬૦ મીટર એલ્યુમીનીયમ વાયર કોઈ ચોરી ગયાની નાયબ ઈજનેર દ્વારા ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના ત્રંબકપુર ગામની સીમમાં હીરાવા-જીરા ગામના રોડ પર આવેલ કિશોરભાઈ નાનજીભાઈ ભુવાની વાડી/ ખેતરે નવા વીજપોલના ભારે દબાણની ચાલુ ઈલેકટ્રીકલાઈનના કુલ આશરે ૧૨૬૦ મીટર ઓલ એલ્યુમીનીયમ જેટલો વાયર આશરે રૂ/.૨૭,૩૩૫ ની કિંમતનો ગત તા. ૧૫-૫ થી ૧૯-૫ દરમ્યાન કોઈ પણ સમયે કોઈ અજાણ્યા ચોરી ગયાની ધારી પીજીવીસીએલ નાયબ ઈજનેર અંકિતકુમાર હસમુખભાઈ વાળાએ ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીમાં પ્રૌઢાને ધમકી આપી બીભત્સ માંગણી કરી

### વોટસએપમાં ખરાબ મેસેજ મોકલી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી સાવરકુંડલા રોડ પાસે તેમજ પ્રૌઢાના રહેણાંક મકાને તે જ વિસ્તારમાં રહેતા નાનજી ઉર્ફે પોપટ ભીમજીભાઈ ચાવડા પ્રૌઢાને રસ્તામાં રોકી કહેલ કે તું મારી ગાડી પાછળ બેસી જા. નહીતર તારા પતિ તથા છોકરાઓને જાનથી મારી નાખવાની ધમકી આપી વોટસએપમાં ખરાબ મેસેજ કરી બીભત્સ માંગણી કરી શૈલેષ અમરશીભાઈ ચૌહાણે પણ પ્રૌઢાને ફોન કરી વોટસએપમાં ખરાબ મેસેજ કરી બીભત્સ માંગણી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કર્યાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં યુવાન ઉપર હુમલો

### બે શખ્સોએ પાઇપ વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામના બકુલભાઈ પ્રતાપભાઈ ખુમાણ ઉ.વ.૨૭ સાવરકુંડલા માતાજીના પ્રસંગમાં આવેલ હોય અને પ્રસંગ પુરો કરી મેવાસા જતાં હતાં. ત્યારે જેસર રોડ પિકઅપ બસ સ્ટેન્ડે પહોંચતા ત્યાં માણસોનું ટોળુ હોય અને ટ્રાફિક જામ હોય અને જેથી પોતે ઉભા રહેલ ત્યારે લાલો દેગામા પાઈપ વડે જમણા હાથે માથાના ભાગે મુંઢમારમારી ભાઈઓ ભાકુએ વાસામાં પાઈપ વડે મુંઢમાર મારી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બગસરાના મુંજીયાસર પાસે ટ્રેકટરે બ્રેક મારતાં બાઇક અથડાતા ઇજા

### વૃધ્ધને ફ્રેકચર જેવી ઇજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ગારિયાધાર તાલુકાના નાની વાવડી ગામના રત્નાભાઈ ડાયાભાઈ કંટાળીયા ઉ.વ. ૬૫ પોતાનું બાઈક જીજે ૦૪ એ ૨૫૭૨ ચલાવી જુનાગઢના તોરણીયાથી નાની વાવડી જતાં હોય. ત્યારે મુંજીયાસર ગામ પાસે પહોંચતા એક અજાણ્યા ટ્રેકટરના ચાલકે ઓચિંતા વાડીમાંથી રોડ ઉપર ચડાવી બ્રેક મારતા રત્નાભાઈ ટ્રેકટર પાછળ ટ્રોલીના ભાગે ભટકાયેલ અને અજાણ્યા ટ્રેકટર ચાલકે પુરઝડપે માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી રત્નાભાઈને બન્ને હાથે તથા જમણા પગે ગોઠણમાં ફેકચર જેવી ઈજા કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી નાસી ગયાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં યુવાનને ઝાડા ઉલ્ટીથી નબળાઇ આવી જતાં સારવાર દરમ્યાન મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલામાં રહેતાં વિરલભાઈ મનસુખભાઈ ડોડીયા ઉ.વ.૩૯ને સતત ઝાડા ઉલ્ટી થઈ જતાં નબળાઈ આવી જતાં દવાખાને ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું કૃષાણભાઈ મનસુખભાઈ ડોડીયાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## અમરેલી નજીક સાજીયાવદર ગામના રોડે બે પરિવાર વચ્ચે મારામારી સર્જાઇ

### હોકી, પાઇપ વડે મારમારી ફ્રેકચર જેવી ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના સાજીયાવદર તરફ જતાં રસ્તા ઉપર વાંકિયા ગામના રમેશભાઈ પાલાભાઈ ઝાલા ઉ.વ.૫૭ એ કાંતિ પાલાભાઈ ઝાલાને ખેતરમાં સાહ પાડવા પાટલા વચ્ચે જગ્યા રાખવાનું કહેતાં સારૂ નહીં લાગતા મનદુઃખ રાખી કાંતિ પાલાભાઈ, રાહુલ કાંતિભાઈ, ભરત કાંતિભાઈ, કેતન કાંતિભાઈ, જયાબેન કાંતિભાઈ ઝાલાએ રમેશભાઈ તથા તેના કુટુંબીઓને હોકી વડે મારમારી રમેશભાઈને ડાબા પગે ફેકચર જેવી ઈજા કરી તથા તેના કુટુંબીઓને મુંઢ મારમારી એકબીજાએ બીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેર નામાનો ભંગ કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે .જયારે સમાપક્ષે રાહુલભાઈ કાંતિભાઈ ઝાલા ઉ.વ.૩૦ પિતાને રમેશ પાલાભાઈ ઝાલાએ પોતાની વાડી વાવવાની તથા પોતાના વાડી ખેતરે જવાની ના પાડેલ હોય. તેમ છતાં રાહુલભાઈ અને તેના કુટુંબીઓ પોતાના વાડી ખેતરે ગયેલ હોય. જે મનદુઃખ રાખી રમેશ પાલાભાઈ, મહેશ રમેશભાઈ ઝાલાએ પાઈપ અને હોકી વડે રાહુલભાઈ અને તેના કુટુંબીઓને મારમારી માથામાં ટાંકા આવે તેવી ઈજા કરી ગાળો બોલી અલ્પેશ રમેશભાઈ ઝાલા રાહુલભાઈ તથા તેના કુટુંબીઓને મારવા ઈરાદે તેની પાછળ જઈ એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ખાંભાના ઈંગોરાળા ગામે ચોકડી પાસે મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે ટી. ચોકડી પાસે હીરાવા ગામે રહેતા હાલ અમદાવાદ ધ્રૃવિન જયસુખભાઈ રાખોલીયા ઉ.વ. ૨૦ પોતાના મામાના ઘરે ઉમરીયા ગામે આટો મારી પરત હીરાવા જતી વખતે પેન્ટના ખીસ્સામાંથી મોબાઈલ પડી જતા વીવો કંપનીનો રૂ/.૧૩,૯૯૯ ની કિંમતનો કોઈ ચોરી ગયાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીમાં વાલીપણામાંથી સગીરાનું અપહરણ

### સગીરાના અપહરણ અંગે સિટી પોલીસ મથકમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી કેરીયારોડ ફાટક નજીક રહેતી સગીરાને તે જ વિસ્તારમાં રહેતા અર્જુન ચંદુભાઈ ઉમરીયા નામનો શખ્સ લલચાવી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયાની સગીરાની માતાએ અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### રાજુ બાપુની ભૂલ થઈ છે તે સ્વીકારે છે પરંતુ તેમની સજા ગરીબ બાળકોને ન થાય તેવી લાગણી

## ઝીંઝુડામાં શિવકુમારી વિદ્યાલય બંધ ન થાય તેવી માંગ કરી

### કથાની આવકમાંથી ચલાવાતી વિદ્યાલય ચાલુ રહે તે જરૂરી



સાવરકુંડલા, મોટા ઝીંઝુડા ખાતે આ છે શિવ કુમારી વિદ્યાલય આ વિદ્યાલયમાં ધોરણ એક થી આઠ અભ્યાસ કરાવવામાં આવે છે અહીંયા નિરાધાર ગરીબ વિદ્યાર્થી ભાઈ બહેનોને વિના મૂલ્ય રહેવા જમવા અને અભ્યાસની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે ત્યારે થોડા દિવસ પહેલા શિવકથાકાર રાજુ બાપુ દ્વારા કોળી ઠાકોર સમાજ વિશે અભદ્ર ટિપ્પણી મામલે રોષ ફાટી નીકળ્યો અને તેમની માફી માંગી પરંતુ પાંચ વર્ષ માટે રાજુ બાપુએ કથા ન કરવી તેવી માંગને લઈ આ સ્કૂલ કથાની આવકમાંથી ચલાવવામાં આવે છે કોઈ ગ્રાન્ટ લેવામાં આવતી નથી જેના કારણે મીડિયાના માધ્યમથી આ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલી ઓને સ્કૂલ બંધ થઈ જવાની ખબર પડતા આજે શિવ કુમારી આશ્રમ ઝીંઝુડા ખાતે વિદ્યાર્થીઓ સાથે જુદા જુદા ગામના વાલીઓ દોડી આવ્યા અને વાલીઓના સંચાલકને કુલ બંધ નહીં કરવા માટેની આજીજી કરવામાં આવી છે ત્યારે વાલીઓની એક જ માંગ છે કે બાપુએ જે ભૂલ કરી તેમની સજા અમારા ગરીબ બાળકોને શા માટે અહીંયા રહેવા જમવા તેમજ વર્ષમાં બે વાર પ્રવાસ કરાવવામાં આવે છે અને આ બધો જ ખર્ચ કથાની આવકમાંથી કરવામાં આવે છે તો અમારું કોણ આવા વેદક સવાલો વિશે ગરીબ વાલીઓ આજીજી કરી રહ્યા છે આવો સાંભળીએ વાલીઓની શું માંગણી છે અને શું વિનંતી છે. શિવ કુમારી વિદ્યાલયનો સંપૂર્ણ ખર્ચ શિવ કથાકાર રાજુ બાપુની કથા ની આવકમાંથી જ કરવામાં આવે છે એમ કહી એકે આ વિદ્યાલય ચલાવવા માટે જ રાજુ બાપુ કથાઓ કરી રહ્યા છે કોઈ પણ જાતની વિદ્યાલયની પબ્લિસિટી કે ફાળો કર્યા વિના જ કથાઓ કરી અને આ વિદ્યાલય ચલાવવામાં આવે છે ત્યારે વાલીઓ મીડિયાના માધ્યમથી કથાકાર રાજુ બાપુની ભૂલ થઈ છે તે સ્વીકારે છે પરંતુ તેમની સજા આ નિરાધાર અને ગરીબ બાળકોને ન થાય તેવી નમ્ર વિનંતી કરી રહ્યા છે. છેલ્લા બે ચાર દિવસથી શિવ કથાકાર રાજુ બાપુ નો વિવાદ મીડિયા ના માધ્યમથી આ શાળામાં ભણતા બાળકોના વાલીઓએ જોયો અને સાંભળ્યો ત્યારે આજે સમગ્ર સૌરાષ્ટ્રમાંથી વાલીઓ બાળકો સાથે દોડી આવ્યા આ નાના નાના બાળકો કે જે મુક્ત મને સંપૂર્ણ સુવિધા સાથે પોતાનો જીવન ઘડતરના પાઠ અહીંયા ભણી રહ્યા છે તે શિક્ષણ કાર્ય અને આ વિદ્યાલય બંધ ન થાય તે માટે અહીંના સંચાલક પાસે માંગણી કરી રહ્યા છે છેલ્લા ૧૩ વર્ષથી વિના મૂલ્ય આ વિદ્યાલય ચલાવવામાં આવે છે અને શિવ કથા ના માધ્યમથી જે આવક થાય છે કે સંપૂર્ણ આવક આ વિદ્યાલયના ખર્ચમાં જ વાપરવામાં આવે છે ત્યારે અહીંના સંચાલક હેતુશા દીદીએ વિદ્યાર્થીઓના વાલી ભાઈ બહેનો ની વાત સાંભળી અને એમની વેદનાઓને વાચા આપવાનો પ્રયાસ કરવામાં આવશે તેવું આશ્વાસન પણ આપવામાં આવ્યું. શિવ કથાકાર રાજુબાપુની એક ભૂલ સમગ્ર કોળી ઠાકોર સમાજને ગહન રીતે અસર કરી ગઈ છે આ ભૂલ બાબતે તેમના માથે પોલીસ ફરિયાદ પણ નોંધાય છે સમગ્ર કોળી ઠાકોર સમાજ ની રડતા રડતા અનેક વખત માફી પણ માગવામાં આવી છે . કોળી ઠાકોર સમાજની જે પાંચ વર્ષ માટે કથા બંધ કરવાની માંગ છે તેમની અસર આ નિરાધાર અને ગરીબ બાળકો ઉપર થશે અને વિદ્યાલય બંધ કરવાની ફરજ પડશે ત્યારે હવે જોવાનું એ રહેશે કે એક ભૂલ નું પરિણામ ગરીબ બાળકોનું જીવન અંધકારમી બનશે

## પીઠડીયાના સરપંચ ઉપર હુમલાના બનાવમાં પુરાવા અભાવે આરોપીઓને નિર્દોષ ઠરાવાયા

### એડવોકેટ અશોક પંડયાની દલીલો ગ્રાહ્ય રાખી



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) ગઈ તારીખ ૦૫/૦૯/૨૦૨૨ ના રોજ બગસરા તાલુકાના પીઠડીયા ગામે ગ્રામ પંચાયત કચેરીમાં ગ્રામ સભા નું આયોજન કરવામાં આવેલ જેમાં પીઠડીયા ગામમાં પીવાનું પાણી ન મળતું હોય જેથી પાણીની સમસ્યા બાબતે ઉકેલ લાવવા સામાન્ય રજૂઆત ગ્રામ પંચાયતની સરપંચની ચૂંટણીના પ્રતિસ્પર્ધી જીવણભાઈ જેઠાભાઈ મયાત્રા અને તેનો પુત્ર કપિલ જીવણભાઈ મયાત્રાએ પીઠડીયા ના સરપંચ અરવિંદભાઈ કાનજીભાઈ ચૌહાણ ઉપર જીવલેણ હુમલો કર્યાનો અને માથાના પાછળના ભાગે નાના મગજની બાજુમાં પેપરવેટનો છૂટો ઘા કરી ઈજા થયાની સરપંચે ૧૦૮ મારફતે બગસરા સરકારી દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યા જ્યાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા જે બાબતે આ ઘટનામાં બગસરા તાલુકાના સરપંચ એસોસિએશનના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને છેક અમરેલી જિલ્લા કલેકટર શ્રી તેમજ અમરેલી જિલ્લાના એસપી સમક્ષ સરપંચો દ્વારા ઉગ્ર રજૂઆત સાથે આવેદનપત્ર આપવામાં આવેલ અને જવાબદાર હુમલાખોર પિતા પુત્રની સામે કડકમાં કડક કાર્યવાહી થાય તથા સરપંચ પદ ઉપર થયેલ હુમલા ની ગંભીર મા ગંભીર કલમો નો ઉમેરો કરવામાં આવે તેવું બગસરા તાલુકાના સરપંચ એસોસિએશનના પ્રમુખ લેટરપેડ ઉપર તારીખ ૦૭/૦૯/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ જેથી બગસરા પોલીસે બંને આરોપીઓને તાત્કાલિક ધરપકડ કરી બગસરા કોર્ટમાં ૨૪ કલાક બાદ રજૂ કરેલા ત્યારબાદ બગસરા પોલીસ સ્ટેશન.આર.પી.ની.કલમ ૧૫૧ મુજબ ૨૪ કલાક બાદ મામલતદાર સાહેબ સમક્ષ રજુ કરેલા ત્યારપછી તપાસ કરનાર અધિકારીએ આરોપીઓ વિરુદ્ધ બગસરા કોર્ટમા ફોજદારી કેસ નંબર ૯૨૪/૨૦૨૨ થી ipc ની કલમ ૩૩૭ ,૩૨૩ ,૫૦૪, ૧૧૪ મુજબનો ચાર્જ સીટ દાખલ કરવામાં આવેલ જે કેસ બગસરા કોર્ટમાં ચાલી જતા આરોપી જીવણભાઈ જેઠાભાઈ મયાત્રા તથા તેમનો પુત્ર કપિલ જીવણભાઈ મયાત્રા રહે.પીઠડીયા બગસરા ના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબ શ્રી એસ.આર .ચૌધરીએ આરોપીઓના સિનિયર એડવોકેટ અશોક એચ પંડ્યાની દલીલો માન્ય રાખી આરોપીઓને પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી તારીખ ૧૩/૦૫/૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

## અવસાન નોંધ

પાંચતલાવડા

પાંચતલાવડાના રાજબાઈબેન માણસુરભાઈ ખાખડીયા ઉ.વ.૭૦ તે સ્વ.જીવાભાઈ, સ્વ.હરસુરભાઈ ગભરૂભાઈ તથા મધુભાઈના માતાનું નાની ધારી તાલુકો ખાંભા ખાતે તા.૨૫ શનીવારે અવસાન થયેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૬.૫.૨૦૨૪ રવિવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ વદ ત્રીજ, મૂળ નક્ષત્ર , સાધ્ય યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : ભાગ્ય ની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
વૃષભ (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે,અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,દિવસ મધ્યમ રહે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો,દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
કર્ક (ડ,હ) : શત્રુઓ થી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે,અંગત લોકોમાં મતભેદ રહી શકે .
સિંહ (મ,ટ) : સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
તુલા (ર,ત) : નોકરિયાતવર્ગને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નવા કાર્ય માં લાભ મેળવી શકો.
વૃશ્ચિક (ન,ય) : આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): મિત્રોની મદદ મળી રહે,કામકાજ માં સફળતા મળે,દિવસ પ્રગતિકારક રહે.
મકર (ખ,જ) : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી,બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.
કુંભ (ગ,સ,શ ) :સગા સ્નેહી મિત્રો થી સારું રહે,કાર્ય માં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
મીન (દ,ચ,ઝ,થ): નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો,આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૧૦૧૦ થી ૧૫૦૭ મગફળી ૧૦૦૦ થી ૧૨૧૬

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૦૦-૧૨૫૧
શિંગમોટી-૧૦૦૦-૧૨૧૬
ધાણી-૧૩૪૦-૧૫૫૦
તલસફેદ-૧૭૦૦-૨૮૭૮
તલકાળા-૨૭૦૦-૩૨૮૧
એરંડા-૧૦૦૦-૧૦૬૯
ઘઉંટુકડા-૪૪૯-૬૦૩
ઘઉંલોકવન-૪૮૦-૫૬૨
મરચાલાંબા-૭૫૦-૨૦૯૦
ચણા-૧૦૧૦-૧૩૪૯
કપાસ-૧૦૧૦-૧૫૦૭
રાય-૧૦૧૫-૧૧૮૦
જીરૂ-૧૮૪૦-૫૮૦૦
ધાણા-૯૫૫-૧૩૯૫
સોયાબીન-૮૬૫-૮૭૭
રાય-૧૦૧૫-૧૧૮૦
મેથી-૧૦૭૫-૧૨૯૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૪૪૦-૪૮૦
રીંગણા-૫૩૦-૬૩૦
ફલાવર-૬૦૦-૭૦૦
કોબીઝ-૧૯૦-૨૫૦
ટમેટાં-૫૦૦-૬૦૦
વટાણા-૧૬૦૦-૨૦૦૦
ગાજર-૩૦૦-૪૦૦
ગલકા-૨૨૦-૩૨૦
કાકડી-૨૦૦-૪૦૦
ગુવાર-૬૦૦-૧૦૦૦
દુધી-૨૨૦-૨૭૦
તુરીયા-૬૦૦-૮૦૦
ભીંડો-૪૫૦-૫૫૦
આદુ-૨૪૧૦-૨૬૧૦
કોથમીર-૫૦૦-૬૦૦
મેથીભાજી-૫૧૦-૬૧૦
ટીંડોરા-૩૫૦-૪૫૦
લીમડોમીઠો-૧૫૦-૨૦૦
લીંબુ-૧૦૦૦-૧૪૦૦
સરગવો-૨૦૦-૩૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૧-૫૧૫
જુવાર-૪૩૦-૯૪૨
ઘઉં-૪૪૬-૫૧૦
ધાણા-૧૦૦૦-૧૦૦૦
ચણા-૭૫૦-૧૩૨૫
તુવેર-૧૭૦૧-૨૨૦૦
મગ-૧૬૫૮-૧૭૧૫
મેથી-૯૦૦-૧૧૩૦
કપાસ-૯૦૦-૧૪૭૫
તલસફેદ-૧૫૦૦-૨૭૬૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૨૩-૬૬૭
ડુંગળીલાલ-૧૦૨-૩૧૯
ડુંગળીસફદે-૧૨૧-૩૨૮
તલસફેદ-૨૨૦૦-૨૮૫૧
તુવેર-૧૯૧૫-૨૧૩૮
જીરૂ-૪૯૫૦-૫૬૫૬
ચણા-૧૦૫૦-૧૩૬૦
નાળીયેર-૫૩૧-૨૦૫૦
મગ-૧૬૪૯-૧૮૯૯
કપાસ-૧૧૨૪-૧૪૨૩
મકાઈ-૪૨૬-૪૪૪

**બાબરા**
કપાસ-
તલસફેદ-
ચણા-
ઘઉં-
બાજરો
જીરૂ-
મગફળી-
મગ-

**ધારી**
કપાસ-૧૨૭૫-૧૩૧૦
તલસફેદ-
શીંગદાણા-૧૦૫૫-૧૩૦૫
મગ-
ચણા-
ઘઉં-૪૨૫-૫૩૧
તુવેર-
વાલ-
એરંડા-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૩૧
તલસફેદ-૨૫૫૧-૩૦૯૦
જીરૂ-૪૧૦૦-૫૯૦૧
તુવેર-૧૯૦૦-૨૧૬૦
કપાસ-૧૨૦૦-૧૪૯૦
ઘઉં-૪૫૦-૫૩૫
એરંડી-૧૦૦૦-૧૦૬૦
મગ-૧૫૦૦-૧૭૯૭
ચણા-૧૨૨૫-૧૩૧૫
જીરૂ-૪૧૦૦-૫૯૦૧
જુવાર-૬૦૦-૯૦૪

**ખાંભા**
કપાસ-૧૧૬૦-૧૪૭૬
મગ-૧૬૫૨-૧૬૫૨
એરંડા-૧૦૬૧-૧૦૬૧
તલસફેદ-
જુવારસફેદ-૭૮૦-૭૨૬
મગફળી-૧૦૮૦-૧૦૮૦
મેથી-૧૦૯૦-૧૦૯૦

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૫૦
સોયાબીન-૭૨૫-૮૪૮
તલસફેદ-૨૧૪૦-૨૬૪૦
ઘઉંલોકવન-૪૨૫-૫૧૪

ઘઉંટુકડા-૪૦૮-૫૧૯
ધાણા-૧૦૮૧-૧૩૧૦
ચણા-૧૨૦૦-૧૩૧૬
શીંગફાડા-૧૫૫૨-૧૫૫૨
રાય-૧૧૦૦-૧૧૦૦
મગફળી-૧૦૪૫-૧૦૪૫
મગ-૧૦૦૦-૧૬૨૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૪૦૦-૬૩૦
દાડમ-૧૫૦૦-૨૦૦૦
મુસંબી-૬૦૦-૧૧૦૦
સંતરા-૧૬૦૦-૨૦૦૦
કીવી-૪૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૩૦૦
કેરી-૧૦૦૦-૨૩૦૦
ટેટી-૨૦૦-૪૨૦
કેળા-૩૫૦-૫૫૦
પોપૈયા-૪૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ. કાશ્મીર-૨૪૦૦-૩૬૦૦
અનાનસ-૧૩૦૦-૧૭૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૩.૮
ન્યુનતમ તાપમાન ૨૮
ભેજનું પ્રમાણ ૬૨
પવનની ગતિ સરેરાશ-૯

## સેવા ધરમની અખંડ જયોત જગાવતા સનાતન આશ્રમના પુજય જયોતિમૈયા

# બાઢડામાં સેવાકાર્યો સાથે પુ. જયોતિમૈયાનો જન્મદિન ઉજવાયો

### જન્મદિન નિમિતે હનુમાન ચાલીસા યોજી ગૌશાળાની ગાયોને દુધનું શાક બનાવી પીરસ્યું : ૧૦૦થી વધુ છાશ કેન્દ્રો શરૂ કર્યા : સેવાભાવી અને સંતો મહંતો સહિતની ઉપસ્થિતિ : કાનાતળાવના પુ. ઉષામૈયાએ આશિર્વાદ પાઠવ્યા



રાજુલા,સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે તાજેતરમાં સનાતન આશ્રમના જ્યોતિર મૈયા ના જન્મદિવસ નિમિત્તે ભવ્ય હનુમાન ચાલીસા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યારબાદ ગૌશાળા માંથી ગાયોના દૂધનું શાક બનાવી દરરોજ વિતરણ કરવાનો પ્રારંભ કર્યો હતો અને દરરોજ ૧૦૦ થી વધારે સાસ લેવા માટે આજુબાજુના લોકો આવ્યા હતા દરરોજ સ્વાસ કેન્દ્ર શરૂ રહેશે ત્યારબાદ સનાતન આશ્રમના જ્યોતિ મૈયા ૮૯ વર્ષમાં તેમને આશીર્વાદ આપવા માટે કાના તળાવના ઉષા મૈયા તેમજ હનુમાન ચાલીસાના ગાયક શ્રી કિશોર બાપુ તથા તથા કણકોટ જીતુ ભગત તથા માર્કેટિંગ યાર્ડ પૂર્વ ઉપપ્રમુખ મનુભાઈ ધાખડા તથા નાગરિક બેંકના પૂર્વ પ્રમુખ બાપ ભાઈ કોટીલા કવિ શ્રી હેમાળવી શશીભાઈ રાજગુરુ માજી કારોબારી કારોબારી ચેરમેન શ્રી નિર્મલભાઈ ખુમાણ તથા વીસીયા તથા મહેશભાઈ જેબલિયા દિલીપભાઈ મેકડા તથા દિલુભાઈ જાબાળ, આણંદુભાઈ ધાખડા અને દિલુભાઈ વાળા, પ્રવીણભાઈ તથા જાબાળ સરપંચ સમગ્ર કાર્યક્રમનું આયોજન વ્યવસ્થા શ્રી મનુભાઈ ખુમાણ દ્વારા સેવા કે કાર્યમાં જોડાયા હતા અને તમામ સંતો મહંતો રાજકીય મહાનુભાવો એ આશીર્વાદ લીધા હતા.

## શાપર ગામે વેગડા પરિવારના સુરાપુરાશ્રી કાનજી દાદાના મંદિરે હવન યજ્ઞ યોજાશે

ધારી, રાજગોર બ્રાહ્મણ સાપર શાખાના વેગડા પરિવારના સુરાપુરા શ્રી કાનજી દાદાનું મંદિર શાપર અને બગસરા ગામ ની વચ્ચે આવેલ છે ત્યાં વેગડા પરિવાર દ્વારા આગામી તારીખ ૨૬-૫-૨૦૨૪ ના રોજ એક યજ્ઞ હવન આયોજન કરવામાં આવ્યું છે જેમા સવાર ના ૭-૦૦ કલાક થી હવન તેમજ આરતી પુજા સહિત ના ધાર્મિક કાર્યક્રમો યોજાશે ત્યાર બાદ બપોરે બગસરા બ્રહ્મ સમાજ ની વાડી ખાતે દાદા નો મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે તો આ હવન માં વેગડા પરિવાર ના ગોઠી ભાઈઓ બહેનો એ બહોળી સંખ્યામાં રહેવું સમગ્ર ધાર્મિક કાર્યક્રમ ને સફળ બનાવવા સંજય ભાઈ વેગડા, (વડોદરા) સંજયભાઈ ભુવા શ્રી તેમજ મણિભાઈ વેગડા સહિત ના વેગડા પરિવાર ના સભ્યો જેહમત ઉઠાવી રહ્યા છે.

## સુત્રાપાડા પોલીસ મારતા મારતા લઇ ગયેલી તે

# ભટ્ટવદરના યુવાનનું સુત્રાપાડા પોલીસના મારથી મોત નિપજયું હોવાનો કોળી સમાજનો આક્ષેપ

### સમગ્ર કોળી સમાજને અમદાવાદ ઉમટી પડવા હાંકલ કરતાં આગેવાનો : કોળી સમાજમાં રોષ



રાજુલા,

જાફરાબાદ તાલુકાના ભટ્ટવદર ગામના જોળીયા નરેશભાઈ જીવાભાઈ સુત્રાપાડા અને નાગેશ્રી પોલીસના અસહ્ય ત્રાસથી અને ઢોર માર મારવામાં આવ્યો હોવાનું અને ગઈ કાલે એમને સુત્રાપાડાથી વેરાવળ હોસ્પિટલ અને ત્યારબાદ અમદાવાદ હોસ્પીટલ પહોંચતા પહેલા મૃત્યુ પામેલ છે, જ્યાં સુધી ધરપકડમાં સંડોવાયેલ તમામ પોલીસ ઉપર કાયદેસર કાર્યવાહી નહીં આવે ત્યાં સુધી નરેશભાઈના મૃતદેહને સ્વીકારવાનો નથી, એવો આ કોળી સમાજે તમામ સમાજના આગેવાનોએ જણાવી નિર્ણય લીધો છે, ડેડબોડી રાજુલા હોસ્પીટલ લાવવામાં આવે ત્યારે તમામ સમાજના આગેવાનોએ હાજર રહેવુ એવો મેસેજ સમગ્ર કોળી સમાજ રાજુલા ખાંભા જાફરાબાદ માં ફરી રહ્યો છે

જાફરાબાદ તાલુકાના નાનકડા એવા એવા ભટવદર ગામમાં આ મોત થયા ના સમાચાર મળતા જ સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાયો છે અપહરણ અને બળાત્કારનાં બનાવમાં મદદગારીનાં મામલે તેમને સુત્રાપાડા પોલીસ નાગેશ્રી પોલીસની મદદથી લઈ ગઈ હોવાનું બહાર આવ્યું છે અને સુત્રાપાડા લોકઅપમાં જે બનાવ બન્યો તેના ફુટેજ પણ પોલીસ પાસે હોવાનું બહાર આવેલ છે. મરનારે જારી કરેલા વિડીયોમાં પોલીસ હેરાન કરતી હોવાનું અને તપાસનીસ સર્કલ પોલીસ ઈન્સ્પેકટર અને ચાર પોલીસમેને હેરાન કર્યા હોવાનું જણાવેલ છે. આજે તેમને અમદાવાદ ખસેડાતા તેમનું મૃત્યું થયું હતું.

## ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી લાલઘુમ

# માર મારવાથી મોત થયું હશે તો જવાબદારો સામે કડક પગલા લેવાશે : શ્રી હિરાભાઇ સોલંકી

### જવાબદાર ચમરબંધીઓને પણ છોડવામાં નહીં આવે



રાજુલા,સુત્રાપાડા પોલીસે બે દિવસ પહેલા કોઇ ગુનામાં જાફરાબાદના ભટ્ટવદર ગામના નરેશ જોળીયા નામના શખ્સને ભટ્ટવદરથી મારતા મારતા સુત્રાપાડા લઈ ગયેલ અને આ શખ્સને માથાના ભાગે ઈજા થવાને ગઈકાલે તેનું મોત નિપજયુંછે. આ બનાવ અંગે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકીએ જણાવ્યું છે કે આ શખ્સનું મારને કારણે મોત થયું હશે તો હું સરકારમાં રજુઆત કરી કડક પગલા લેવડાવીશ. કોઈપણને છોડવામાં નહીં આવે તેવી બાંહેધરી ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ આપી હતી. આ કેસમાં ચમરબંધીઓને પણ છોડવામાં નહીં આવે. દોષીત હોય તો પોલીસ સામે પણ કડક પગલા લેવડાવીશ તેમ શ્રી હિરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

## હોસ્પિટલે પહોંચે તે પહેલા જ મોત થયેલું

# જયાં સુધી પોલીસ ઉપર કાયદેસર કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારાશે નહીં

રાજુલા,

જાફરાબાદ તાલુકાના ભટ્ટવદર ગામના જોળીયા નરેશભાઈ જીવાભાઈ સુત્રાપાડા અને પોલીસના અસહ્ય ત્રાસથી અને ઢોર માર મારવામાં આવતા ગઈ કાલે એમને સુત્રાપાડાથી વેરાવળ હોસ્પિટલ અને ત્યારબાદ અમદાવાદ હોસ્પીટલ પહોંચતા પહેલા મૃત્યુ પામેલ છે.

જયાં સુધી ધરપકડમાં સંડોવાયેલ તમામ પોલીસ ઉપર કાયદેસર કાર્યવાહી કરવામાં નહીં આવે ત્યાં સુધી નરેશભાઈના મૃતદેહને સ્વીકારવાનો નથી, એવો આ કોળી સમાજે તમામ સમાજના આગેવાનોએ લીધો છે.

મૃતદેહ રાજુલા હોસ્પીટલ લાવવામાં આવે ત્યારે તમામ સમાજના આગેવાનોએ હાજર રહેવુ અમદાવાદ મેઈન સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ રૂમ ની બાહર સમય બપોરે ૩.૩૦ કલાકે તારીખ ૨૫-૦૫-૨૦૨૪ શનિવાર આગેવાનો એકત્ર થયેલા અને જયાં સુધી પોલીસ સામે પગલા નહીં લેવાય ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારાવા નિર્ણય કર્યો હતો.

## અવસાન નોંધ

અમરેલી

અમરેલી નિવાસી કિર્તીભાઈ પોપટલાલ હંસરાજ હરિચંદ શાહ (ઉ. વ. ૮૩ ) તે રંજનબેન પ્રતાપરાય, સ્વ. ચંદ્રકાંતભાઈ, મહેન્દ્રભાઈ, નયનાબેન જયંતકુમાર તથા કિશોરભાઈ ના ભાઈ તથા ગૌતમ, સોનલ મયંકકુમાર, સા. મ સંયમિતાંશ્રીજી (સંસારી નામ સ્વાતિબેન) તથા મયૂરી ના પિતાશ્રી (મોસાળ પક્ષે વૃજલાલ રતનશી વલભીપુર વાળા ના ભાણેજ) તા. ૨૪.૦૫.૨૦૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમની સાદડી /ઉઠમણું સોમવાર તા. ૨૭.૦૫.૨૪ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રાખેલ છે. સ્થળ: ગંગાબાઈ ખત્રી ની વાડી, પાણી દરવાજા રોડ, અમરેલી લૌકિક વહેવાર બંધ છે., ગૌતમ શાહ મો. નં. ૯૯૨૪૦૬૨૨૪૧, કિશોર શાહ નં. ૯૭૨૪૪૬૭૨૦૭, પ્રશમ ડોક્યુમેન્ટ્સ (મયુરી શાહ) ન.૯૯૦૯૯૩૯૯૬૫

બાબરા

બાબરા બ્રહ્મક્ષત્રીય સ્વ. અનિલકાંતભાઈ હરિદાસભાઈ છાટબાર ના પુત્ર દેવેન્દ્રભાઈ ઉવ.૫૯ તેઓ ઉમંગભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ.જગદીશભાઈ તથા પ્રભાકરભાઈ ના ભત્રીજા શરદભાઈ ના નાનાભાઈ તથા જીતેન્દ્રભાઈ, પંકજભાઈ ના મોટાભાઈ મહેશભાઈ ,પિયુષભાઈ, યોગેશભાઈ ના પિત્રાયભાઈ તથા હર્ષિત ના કાકા, નિકુંજ, સાગર ના દાદા નું તા. ૨૫/૫/૨૪ ના રોજ અવસાન થયું છે તેમનું ઉઠમણું તા. ૨૭/૫/૨૪ સાંજ ના ૪ ૬ બ્રહ્મક્ષત્રીય જ્ઞાતિ ની બાબરા ખાતે રાખેલ છે

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# જુનાગઢમાં સ્માર્ટ મિટર લગાવવાનું બંધ કરી જુના મીટર યથાવત રાખવા માંગણી

### કોમિ એકતા રાષ્ટ્રીય એકતા સમિતી દ્વારા કલેકટરને રજુઆત

જુનાગઢ, (હિતેષ પારેખ)

સરકાર દ્વારા જનતાની માલિકીના જાહેર ક્ષેત્રના અનેક નિગમો, કંપનીઓ શાહસોનું ખાનગી કરણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે તેના વિરોધમાં તેમજ હાલ ગુજરાતમાં વધુ એક વીજ પુરવઠો પુરો પાડતી કંપનીએ વિકાસ નામે ખાનગીકરણ કરી જાહેર જનતાને લુંટીને ખાનગી કંપનીઓને લાભ આપવાના મલીન ઈરાદા સાથે હાલ તાજેતરમાં જાહેર જનતાની સહમિતી વિના પ્રી પેઈડ સ્માર્ટ મિટર લાગાવવામાં આવી રહ્યા છે. જેના ચાર્જીસ અનેક ગણા વધારે છે. અનેક વિસંગતાઓ છે. જે સામાન્ય જનતાને પરવડે નહીં. ત્યારે આ પ્રી પેઈડ મિટર લાગવાનો જે કોન્ટ્રાકટ ખાનગી કંપનીને આપવામાં આવેલ છે. તે તાકીદે રદ કરવામાં આવે અને જુની જે સિસ્ટમ છે તે રાખવામાં આવે તેવી માંગ સાથે જુનાગઢ કોમિ એકતા રાષ્ટ્રીય એકતા સમિતી દ્વારા કલેકટરને રજુઆત કરવામાં આવેલ છે. અન્યથા આગામી દિવસોમાં ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે જન આંદોલન કરવાની ચીમકી ઉચારેલ છે.

## ગીર ગઢડાના ઉગલા માધ્યમિક શાળાનુ ૮૭.૫૦ ટકા પરિણામ

### ઉગલા માધ્ય. શાળાની ત્રણ વિધાર્થીઓ એક થી ત્રણ ક્રમે



ઉના, (નિરવ ગઢીયા) ગીર ગઢડા તાલુકાની ઉગલા માધ્યમિક શાળા નુ શ્રેષ્ઠ પરીણામ આવ્યુ . જેમા પ્રથમ નંબરે ડાગોદરા કિંજલબેન એ ૯૨ ગ્રેડ ૮૮.૬૯ PR મેળવ્યા, બીજા નંબરે કીડેચા નયનભાઈ એ ૭૬.૧૭ PR મેળવ્યા અને ત્રીજા નંબરે ડાગોદરા પૃથ્વી એ ૬૯.૮૮ PR મેળવ્યા છે. શાળા નુ પરીણામ ૮૭.૫૦% આવ્યુ છે આચાર્ય દિપકભાઈ વાળા સાથે વાત કરતા જાણવા મળ્યું કે ઉગલા માધ્યમિક શાળા નુ આટલુ ઊંચુ પરિણામ આવ્યુ તેનો તમામ યશ વિધાર્થીઓ, વાલીઓ આચાર્ય અને તમામ સ્ટાફ ના ફાળે જાય છે આ પરિણામ મેળવવા માટે અમે સ્ટાફ એ સખત મહેનત કરી છે સાથે વિધાર્થીઓ અને વાલીઓ નો ખુબ સારો સપોર્ટ મળ્યો છે.

## દેરડી કુંભાજીમાં મન પાંચમનો મેળો યોજાશે

### શ્રી સરદાર પટેલ યુવા ફાઉન્ડેશન દેરડી કુંભાજીનું આયોજન

અમરેલી, દેરડી કુંભાજીમાં શ્રી સરદાર પટેલ યુવા ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી સાહીત્યના સીરમોર કવીઓ સાથે ગઝલ સંધ્યા મન પાંચમનો મેળો તા. ૨૭-૫-૨૪ સોમવારે રાત્રે ૮:૪૫ કલાકે લેઉવા પટેલ વાડી ખાતે યોજાશે. આ કવી સંમેલનમાં અગન રાજયગુરુ, ધર્મેશ ઉનાગર, ગોપાલ ધકાણ, મુકેશ દવે, મુકેશ જોગી, પંકજ ચૌહાણ, રાણા પોશીયા, અને કવીઓ સંમેલનની જમાવટ કરશે તેમ સરદાર પટેલ યુવા ફાઉન્ડેશ દેરડી કુંભાજી દ્વારા જણાવાયું છે.

## જૂનાગઢ જીલ્લાના પોલીસવડા શ્રી હર્ષદ મહેતાનો આજે જન્મદિવસ



જૂનાગઢ, મુળ સૌરાષ્ટ્રના અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ચલાલા ગામના વતની અને તા. ૨૬-૫-૭૪ના રોજ જન્મેલા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનો જન્મદિવસ. આજે હર્ષદ મહેતાએ એમ.એ. અંગ્રેજી અભ્યાસ કરેલ બાદમાં તેઓ ૨૦૧૧માં પોલીસ દળમાં જોડાયા હતા. દાહોદ, રાજકોટ-એસપી, બોટાદ-એસપી, સુરત-ડીસીપી તરીકે સફળ ફરજો બજાવી હાલ જૂનાગઢ જીલ્લા એસપી તરીકે યશસ્વી કારકિર્દી સાથે સફળ ફરજ બજાવતા તેઓના જન્મદિન પ્રસંગે ઠેર ઠેરથી અભિનંદન શુભેચ્છાઓનો વરસાદ વહેશે.

## સુરતમાં મંદિરમાં સેવા આપવા જતી તરુણીની છેડતી કરતાં યુવકની પોલીસે ધરપકડ કરી

સુરત, સુરતમાં યુવતીની છેડતી કરાઈની ફરિયાદ મળતા પોલીસે તપાસ હાથ ધરી. તરુણીના પરિવારની ફરિયાદના આધારે કાર્યવાહી કરતા પોલીસે ૨૦૦ કેમેરા તપાસી આરોપીની ધરપકડ કરી. આ ઘટના ની વાત કરીએ તો મંદિરમાં સેવા આપવા જતી હતી તરુણીની છેડતી એક વ્યક્તિએ કરી હતી, એક યુવાને રસ્તામાં બાઈક ખરાબ થઈ ગયુ હોવાનું કહી તરુણીને હેન્ડલ પકડવા કીધું. તરુણીએ હેન્ડલ પકડ્યું હતું ત્યારે યુવાન તરુણીને અડપલા કરવા લાગ્યો. બાદમાં યુવતીએ ઘરે જઈ યુવાન દ્વારા કરવામાં આવેલી ખરાબ હરકતો વિષે પરિવારને જાણ કરી હતી ત્યારબાદ પરિવારે તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને તે ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી.

## નવસારીના ચીખલી વાંસદા રોડ પર ઇકો ગાડી ગોથુ ખાઇ જતાં ૨ મહિલાઓના મોત

નવસારી, નવસારીના ચીખલી વાંસદા રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં એક ઈકો ગાડી ડિવાઈડર સાથે અથડાયા બાદ પલ્ટી મારી હતી. ઈકો ગાડી પલ્ટી મારવન કારણે તેમાં સવાર બે મહિલાના મોત થયા હતા અને ગાડીના ડ્રાઈવરને ગંભીર ઈજા થઈ હતી તેથી તેને સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ઘસેડાયો હતો. મૃતક મહિલા વલસાડના હોવાનું પ્રાથમિક માહિતી મુજબ જાણવા મળ્યુંછે. આ માર્ગ અકસ્માત થયો ત્યારે આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા. તેઓએ ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવામાં આવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ જિલ્લામાં બોર કુવા/ટયૂબ વેલનું બાંધકામ શરૂ કરતાં પહેલા પોલીસને જાણ કરવાની રહેશે

ભુજ, દેશમાં ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કિસ્સાઓ બનેલા છે. કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્યુ થવા પામેલ છે. આવા બોર-કુવા સબંધે સાવચેતીના પગલાં લેવા માટે નામદાર સુપ્રીમ કોર્ટ ઓફ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમિત અરોરા દ્વારા જિલ્લા ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે તેમને મળેલ અધિકારની રૂએ કચ્છ જિલ્લાની મહેસૂલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બોરવેલ/ટયૂબ વેલના માલિક/ઉપયોગ કર્તા/ડ્રીલીંગ એજન્સીએ બોર વેલ/ટયૂબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલા જગ્યાના માલિકે સત્તામંડળ તથા સ્થાનિક પોલીસને ૧૫ દિવસ પહેલા જાણ કરવાની રહેશે. તમામ સરકારી, અર્ધસકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સતામંડળ પાસે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે એજન્સીની વિગતો સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે. બોર વેલ/ટયુબ વેલના બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પુરું સરનામું તથા બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પુરૂં સરનામું આપવું પડશે. બોર વેલ/ટયૂબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા વાડ/અંતરાયો રાખવા પડશે. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦૬૦.૫૦૬૦.૬૦(૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટ વાળું પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

# જુનાગઢ શહેરમાં નેત્રમ શાખાની મદદથી માલવાહક બોલેરોમાંથી કેરીના બોકસ ચોરનાર ત્રણ ઝડપાયા



જુનાગઢ, જુનાગઢ બિ ડિવીઝન પોલીસના ઇન્ચાર્જ પીઆઇ પી.કે. ચાવડાની સુચના મુજબ પીએસઆઇ પી.એ. જામંગ, પી.એમ. ગોરફાડ તથા નેત્રમ શાખાના પીએસઆઈ પી.એચ. મશરૂ તથા પોલીસ સ્ટાફે હાલ કેરીની સિઝન ચાલતી હોવાથી ખેડૂતો દ્વારા કેરીના બગીચાઓથી ગ્રાહકો સુધી કેરી પહોંચાડવા માલવાહક વાહનો કેરીના બોકસ ભરી મોકલતા હોય છે. જેમાં જુનાગઢ શહેરમાં પ્રવેશ કરતી વખતે રાત્રીના સમયે અમુક ગઠીયાઓ રેકી કરી ચાલુ વાહનમાંથી કેરીના બોકસો ઉતારી લઈ ચોરી કરતાં હોય. જેમાં સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી આરોપી વિજય ઉર્ફે ભુરો પરશોતમભાઈ ચુડાસમા, વિવેક મનીષભાઈ સાગઠીયા, કરણ બાબુભાઈ સોમાણીને ઝડપી પાડી પુછપરછ કરતાં કેરીના ૧૯ બોકસ રૂા. ૧૯૦૦૦ની મતાની ચોરી કરી વેંચી નાખ્યાની પોલીસને કબુલાત આપી હતી.

## ચક્રવાતી તોફાન રેમલ આજ સાંજ સુધીમાં બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના દરિયા કિનારા ઉપર ત્રાટકશે

કોલકાતા, હવામાન વિભાગ દ્વારા ચક્રવાતી તોફાન રેમલ ને લઈને આગાહી કરી હતી કે આજે (રવિવાર) સાંજ સુધીમાં બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ત્રાટકશે. હવામાન વિભાગે આ ચક્રવાતી તોફાનને લઈને એલર્ટ જાહેર કર્યું છે. બંગાળની ખાડીમાં ચોમાસાની મોસમનું આ પ્રથમ ચક્રવાત હશે. આ ચક્રવાતને કારણે ૧૦૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તે જ સમયે, પશ્ચિમ બંગાળ અને ઉત્તર ઓડિશા, મિઝોરમ, ત્રિપુરા અને દક્ષિણ મણિપુરના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૨૬ અને ૨૭ મેના રોજ ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આસામ અને મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં ૨૭ અને ૨૮ મે ના રોજ વરસાદ પડી શકે છે. પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૨૬ મેના રોજ વરસાદની સંભાવના છે. ચક્રવાતને જોતા હવામાન વિભાગે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપી છે. આ સિવાય પહેલાથી જ દરિયામાં રહેલા માછીમારોને ૨૬ મે પહેલા દરિયાકાંઠે પરત ફરવાની સલાહ આપવામાં આવી છે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

■ LED હેડલાઇટ
■ ટેલલાઇટ
■ ડિજીટલ મીટર
■ બ્લુટુથ કનેક્ટીવીટી
■ અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ



તા.૨૬-૦૫-૨૦૨૪ રવિવાર









### અંજારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઇ સાંગા, પુર્વ મંત્રીશ્રી બ્રીજેશ મેરજા, શ્રી રઘુભાઇ હુંબલ, શ્રી રાજેશ ચુડાસમા, શ્રી માનસિંહ પરમાર સાથે

# પંજાબનાં ભટીંડાને ગજવતા શ્રી વેકરીયા, શ્રી કસવાલા

**ભટીંડા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર શ્રી પરમપાલ કૌર સિધ્ધુને વિજયી બનાવવા માણસા બેઠકની શ્રી મહેશ કસવાલાને અને ભટીંડા અર્બનની જવાબદારી શ્રી કૌશિક વેકરીયાને**

**પંજાબનાં પ્રભારી શ્રી વિજયભાઇ રૂપાણી સાથે ગુજરાત ભાજપની ફૌજ પંજાબમાં સામાકાંઠે ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર કરી રહી છે : પંજાબમાં પ્રથમ વખત ભાજપ એકલા હાથે લડે છે**





અમરેલી,

અંજારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ સાંગા, પુર્વ મંત્રીશ્રી બ્રીજેશ મેરજા, શ્રી રઘુભાઈ હુંબલ, શ્રી રાજેશ ચુડાસમા, શ્રી માનસિંહ પરમાર સાથે પંજાબનાં ભટીંડાને અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરીયા તથા સાવરકુંડલા, લીલીયાના ધારાસભ્ય અને ભાજપના પ્રદેશ પ્રવક્તા શ્રી મહેશ કસવાલા ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર કરી ગજવી રહયા છે.

પંજાબનાં ભટીંડા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર શ્રી પરમપાલ કૌર સિધ્ધુને વિજયી બનાવવા માટે ભટીંડાની માણસા બેઠકની શ્રી મહેશ કસવાલાને અને ભટીંડા અર્બનની જવાબદારી શ્રી કૌશિક વેકરીયાને સોંપવામાં આવી છે. પંજાબનાં પ્રભારી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે ગુજરાત ભાજપની ફૌજ પંજાબમાં સામાકાંઠે ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર કરી રહી છે અત્રે ઉલ્લેખનીય છે કે પંજાબમાં પ્રથમ વખત ભાજપ એકલા હાથે લડે છે અને સામા પ્રવાહે લડવાની અને તરવાની મુખ્ય જવાબદારી અમરેલી ભાજપનાં બે લડવૈયા એવા શ્રી કૌશિક વેકરીયા અને શ્રી મહેશ કસવાલાને સોંપવામાં આવી છે.

---

### ઠેર ઠેર પર્યાવરણના નિકંદનને કારણે અનેક મુશ્કેલીઓ ઉભી થઇ છે ત્યારે

# અમરેલીથી લીલીયા રોડ ઉપર જુના તોતિંગ લીમડાનું થઇ રહેલું નિકંદન

**રોડની બન્ને બાજુ રહેલા લીમડા હજુ પણ સરકાર બચાવી શકે તેમ છે છતાં પણ દરકાર નથી**



અમરેલી,
લીલીયા રોડ લાલાવદર પાસે આવેલ જુના તોતિંગ લીમડાઓ વગર પરમિશનને કાપી રહ્યા હોય તેવું જણાય છે આજે ૨૪-૫-૨૪ આ લીમડાને કપાયેલો હતો જેનો ફોટો શેર કર્યો છે ઘણા બધા લીમડાની છાલ ઉતારી નાખી છે એક બે લીમડા કપાયા પણ છે રોડની બંને બાજુ આવેલ આ જુના લેમડાઓ ને જંગલ ખાતું અને સરકાર બચાવી શકે તેમ છે એક્સાઈડ ના લીમડા ચોક્કસપણે પ્રયાસ કરવામાં આવે તો બચી શકે એમ છે

બીજી સાઈડના ભલે કાપવા જ પડે ભલે કાપે ભલે રોડ પહોળો કરે પણ ફરી વૃક્ષ ઉગાડવાની તૈયારી હોવી જોઈએ આવી શરતે જ લીમડા કાપવાની પરમિશન આપવી જોઈએ મને ઘણા એ કહ્યું આમાં જંગલ ખાતું સરકાર બધું ઉપરથી જ પરમિશન હોય વિકાસ કરવો છે તો ઝાડવા કાપવા જ પડે મારું એવું કહેવું છે કે વિકાસ કરો વાંધો નહીં પણ રોડની એક બાજુના ઝાડવા બચી શકે તેમ છે અને ન જ બચાવવા હોય તો વાંધો નહીં ફરી ઉગાડવાની સરત મૂકો આ બાબતે મે લેખિત અરજી પણ કરી છે એ વાત પણ સાચી જ છે કે ધાર્યું સરકાર અને સત્તાધીશોનું જ થાય અને પૈસાદાર કોન્ટ્રાક્ટર નુ જ ધાર્યુ થાય વૃક્ષો ઉગાડવા વાળા દસ છે તો કાપવા વાળા હજાર આમાં કેમ ભેગું થશે ? દિલીપસિંહ ઠાકુરે જણાવ્યું છે

---

# રાજુલા શહેરમાં નગર પંચાયત સંચાલિત મોહન ટાવર બંધ રહેતા શહેરીજનો રોષ

**માજી પાલિકાના પ્રમુખશ્રી રવુભાઈ ખુમાણની રજૂઆત**

રાજુલા,

રાજુલા શહેરમાં છેલ્લા ઘણા સમયથી નગરપાલિકા સંચાલિત ટાવર-ઘડિયાળ અવાર નવાર બંધ થઈ જતી હોવાથી રાજુલાના વેપારીઓ રોસ છે આ ટાવર ડિજિટલ હોવાથી એક કિલોમીટર સુધી ટાવરના સંભળાય છે શહેરનો મુખ્ય બજારમાં રાજુલાના પથ્થરથી વર્ષો પહેલા વળી મોહનભાઈ બંધાવેલો હોવાથી આ ટાવરને લોકો મોહન ટાવર તરીકે ઓળખે છે ત્યારે આ ટાવર ડિજિટલ ઘડિયાળ બેસાડેલ હોવાથી વેપારીઓ માટે સમય માટે આ ઘડિયાળ ના ટકોરા વેપારીઓ માટે ખૂબ જ અનુકૂળ હતા પરંતુ નગરપાલિકા દ્વારા ટાવરનો રીપેરીંગ ન કરાવતા નગરપાલિકા સામે જિર ની લાગણી છે આમ વિધવાન શાસ્ત્રીએ કહ્યું છે કે કહેવત છે કે બંધ ઘડિયાળ ઘરમાં સારી નહીં શુકનની નિશાની છે જ્યારે આ તો આખા રાજુલાની ઘડિયાળ છે જે હાલ બંધ હોવાથી આખા શહેરને લાગુ પડે છે ઘડિયાળ બંધ હોવાથી ધંધાઓ પણ ભયંકર મંદી હોય એવી સ્થિતિ નિર્માણ થાય છે આ બંધ ઘડિયાળ ના કારણે તો આવું મંદિ નૂવાતાવરણ નહીં થયું હોય ને વાસ્તવિકમાં રાજુલામાં પણ બંધ ઘડિયાળ થતા રાજુલામાં એક મહિનાથી ધંધો પણ મંદીમાં હોવાનું નાના વેપારી લારી ગેલાવાળા રોજ રોજ નું કમાતા લોકો હાસ્ય સાથે જણાવે છે કે બંધ ઘડિયાળ ના આપશો પણ તો નહીં હોય નાના વેપારીઓ આ કહેવતને સમર્થન આપે છે રાજુલાનો ટાવર ઉપર આવેલ ઘડિયાળ તાત્કાલિક રીપેરીંગ કરાવવા માટે શહેરીજનોએ રવ ભાઈ ખુમાણ રજૂઆત કરતા શ્રી રઘુભાઈ ખુમાણ આ શેની માંગણી ધ્યાને તાત્કાલિક રજૂઆત કરવાની ખાતરી આપી હતી અને આજરોજ રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી રવુભાઈ ખુમાણ એ સંબંધિત સત્તાવાળાઓ કે તંત્ર



તાત્કાલિક બંધ ઘડિયાળ શરૂ કરાવે તેવી માંગણી સાથેની રજૂઆત નગરપાલિકાના વહીવટદાર મામલતદાર ને અને ઈન્સાન ઓફિસર બોરડ ને કરવામાં આવી અને તાત્કાલિક ઘડિયાળ રીપેર કરવામાં આવે તેમ શ્રી રવુભાઈ ખુમાણ શહેરીજનો વતી રજૂઆત કરી હતી.

---

### ખેડૂતો અને ગ્રામજનો દ્વારા પવનચક્કીઓ સામે ઉગ્ર વિરોધ છતાં પણ પગલા લેવાતા નથી

# બાબરામાં આવેલ કાળુભાર નદી પોણા ભાગની બુરી દઇ માત્ર ભુંગળા મુકી દીધા

**ખેડૂતોને નુકશાની થશે તો જવાબદારી કોની ? : પવનચક્કીને કારણે અનેક પ્રશ્નો સર્જાયા**



બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકાનું ખાખરુયા ગામ જ્યાં ખાખરીયા ની સીમમાં પવન ચક્કી કંપનીના કામો ચાલતા હોય ત્યારે હેવી વાહનો દ્વારા મોટા મોટા પાંખડા બુમ ક્રેન વીગેરે હેરફેર કરવા માટે ખૂબ પહોળા રસ્તા કરવા પડતા હોય છે જે માટે લોકેશન ઉપર પવનચક્કી ઉભી કરવાની હોય ખાખરીયા ગ્રામજનો ખેડૂતો દ્વારા વચ્ચે ઉગ્ર વિરોધ પણ કરવામાં આવેલ હતો, ખાખરીયા ગામે થી જાગૃત ખેડૂત નો ફોન આવેલ કે આ કંપનીના માણસો દ્વારા બાબરા થી આવતી મોટી કાળુંભાર નદી બુરી દેવામાં આવેલ છે ત્યારે અમારા દ્વારા સ્થળ ઉપર જઈ તપાસ કરતા ઉપરોક્ત વીડિયો. માં દ્રશ્યમાન છે તેવી રીતે કાળુભાર નદી ને પોણા ભાગની બુરી દીધેલ છે અને નાના નાના બે ભૂંગળા મુકેલ છે, ત્યારે હાલ ચોમાશું આવશે કે અચાનક વરસાદ પડે તો આજુબાજુ વાળા ખેડૂતો ને સુ નુકસાન થાય કે પરેશાની થાય તેની જવાબદારી કોની રહેશે કે કેટલા જાડો કપાય કેટલા નદી વોકળા કે ડેમો ને નુકસાન કરવા આવા રોજ રોજ કિસ્સાઓ સાંભળવા મળે છે ત્યારે આપડે એક તરફ આ કાળઝાળ ગરમી માં ૪૮ કે ૫૦ ડીગ્રી તાપમાન સુધી પહોંચી ગયા છીએ અને એક તરફ પ્રકૃતિ ની ઘોર ખોદીએ છીએ ત્યારે આ બેફામ અને બે રોકટોક થઈ રહેલા જાડો ના નિકંદન નદીઓ ના નિકંદન ક્યારે અટકાવી સકશું...સુ આપડે મોદીનું વિઝન જાડ બચાવો જળ બચાવો સૂત્ર ને સાર્થક કરી સકશું જો આવી જ રીતે તંત્ર બેદરકાર રહેશે તો આ પ્રકૃતિ ને કોણ બચાવી શકશે આવા તો કેટલાય ગામોમાં કેટલા કિસ્સાઓ હશે જેને કાતો સાંભળવા માં નથી આવતા અથવા તો એનો અવાજ દબાવી દેવામાં આવે છે.

---

# ધારી આઇસીઆઇસીઆઇ બેન્કમાં થયેલ ચોરીના ગુનામાં ભેદ ઉકેલતી પોલીસ ટીમ

**પોલીસે મેનેજરની અટકાયત કરી કોર્ટમાં રજુ કર્યો**



અમરેલી, ધારી આઈસીઆઈસીઆઈ બેન્કના કર્મચારી પ્રિયાંકભાઈ દેસાઈએ ગોલ્ડ લોનના પૈસા તેના મિત્રએ આપેલ જે ટેબલના ડ્રોવરના ખાનામાં મુકેલ રોકડ રૂા. ૬,૬૫,૦૦૦ની રકમ કોઈ ચોરી ગયાની ફરિયાદ થયેલ. ધારી પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેકટર એ.એમ.દેસાઈ તથા પો.સબ.ઈન્સ. એસ.પી.શાહીની સુચના અને માર્ગદર્શન હેઠળ ધારી વિસ્તારમાં આવેલ આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી ચોરીમાં ગયેલ રોકડ રકમ કુલ વિ.રૂ. ૬,૬૫,૦૦૦/-ની ટેકનીકલ સોર્સ તેમજ સોર્સ દ્વારા ચોરીમાં ગયેલ રોકડ મુદામાલ તથા શૈલેષભાઈ બાબુભાઈ ગઢીયા ઉ.વ. ૩૭ ધંધો-પ્રા.નોકરી રહે. અમરેલી, પરમ રેસીડેન્સી, હનુમાનપરા રોડ મકાન નંબર-૧૫ તા.જી. અમરેલીવાળાને ગણતરીના કલાકોમાં પકડી પાડી અનડીટેક્ટ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ધારી કોર્ટમાં રજુ કરેલ આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

---

# દામનગરમાં મોટર સાયકલ ચોરી કરનારને પોલીસે ગણતરીની કલાકોમાં પકડી પાડયો

**સીસીટીવી ફુટેજ આધારે પોલીસે ઝડપી લીધો**



અમરેલી, અમરેલી જીલ્લામાં મિલ્કત સંબંધી ચોરી કરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કડક કાર્યવાહી કરવા તથા ચોરીના અનડીટેકટ ગુન્હા ડીટેકટ કરવા સારૂ સુચના આપવામાં આવેલ હોય જેથી પરીણામલક્ષી કામગીરી કરી, મહત્તમ પેટ્રોલીંગ ફરી, આવી ગુનાહીત ગેરકાયદેસર પ્રવૃતી કરતા શખ્સોને પકડી પાડવા વિભાગીય પોલીસ અધિક્ષક શ્રી ચિરાગ દેસાઈ અમરેલી વિભાગનાઓ દ્વારા જરૂરી હેઠળ તથા સર્કલ પો.ઈન્સ. શ્રી એ.સી.પટેલની સુચના મુજબ દામનગર પો.સ્ટે. ના પો.સબ ઈન્સ. શ્રી બી.પી.પરમારની રાહબરી હેઠળ દામનગર પો.સ્ટે. ની ટીમ બનાવી કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં ફરીયાદીના કબ્જા/ભોગવટાની મોટર સાયકલ કાળા કલરની, હોન્ડા કંપનીની, સાઈન મો.સા, જેના રજી નંબર GJ/05/MY/૭૩૪૪ ની કિ.રૂ.૩૦,૦૦૦/-ની મોટર સાયકલની ચોરી કરી લઈ ગયેલ હોય જે અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી પકડાયેલ આરોપી અશ્વિનભાઈ ગોવિંદભાઈ નાવડીયા ઉ.વ. ૨૫ ધંધો મજુરી તા.લાઠી જી.અમરેલીને ગણતરીની કલાકમા પકડી પડાતી દામનગર પોલીસ ટીમ અને અતુલભાઈ ઠાકરશીભાઈ સોલંકી રહે.સુરતને પકડવા તજવીજ હાથ ધરી છે.

---

### બગસરા-કૃષ્ણનગર રૂટની બસનાં કંડક્ટર સાથે બનાવ

# અમરેલી એસટી ડિવીઝન પાસે મહિલા કંડકટરની ફરજમાં રૂકાવટ કરાઇ

**વરસડાના શખ્સ પાસે આઇકાર્ડ માંગતા ન બતાવતા ટિકીટનું કહેતાં રૂકાવટ કર્યાની ફરિયાદ**

અમરેલી,

અમરેલી એસટી ડિવીઝન પાસે આજે સવારના બગસરા ડેપોથી કૃષ્ણનગર જતી એસટી બસ જીજે ૧૮ ઝેડ ૮૦૪૧માં મહિલા કંડકટર હેતલબેન મુકેશભાઈ ફુલેતરા રહે. અમદાવાદ ફરજમાં હોય. ત્યારે એસટી ડિવીઝન થી વરસડા ગામના જસકુભાઈ બાવકુભાઈ ધાધલ બસમાં બેસેલ અને પોતે એસટી ડ્રાઈવર હોવાનું જણાવેલ જેથી મહિલા કંડકટરે તેની પાસે આઈકાર્ડ માંગતા તેમણે ના પાડતા ટિકીટ લેવાનું કહેતાં મનદુ:ખ રાખી અસભ્ય વર્તન કરી મારવા દોડી ફરજમાં રૂકાવટ કર્યાની અમરેલી રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા બનાવની તપાસ હે. કોન્સ એચ.જે.ગોંડલીયા ચલાવી રહ્યા છે.

---

### શિક્ષણ સંસ્થાઓમાં શૈક્ષણિક વર્ષ પુરૂ થતાં

# ઉનાળું વેકેશનને આનંદમય બનાવીએ

ચાલો........આપણે ઉનાળુ વેકેશનને આનંદમય બનાવીએ સમગ્ર રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક વર્ષ પૂર્ણ થતા હવે શાળાઓમાં ઉનાળો વેકેશન પડયું છે ત્યારે આ વેકેશનને બાળકો માટે આનંદમય કેમ બને તે માટે વાલી, પરિવારના સભ્યો ઘણી બધી પ્રવૃત્તિઓ દ્વારા આનંદમય રીતે બાળકોને અનૌપચારિક શિક્ષણ આપી શકે બાળકો સમગ્ર વર્ષ દરમિયાન વર્ગખંડોમાં ઔપચારિક શિક્ષણ લેતા હોય છે જે અભ્યાસક્રમ પ્રમાણે ચાલે છે જેમાં બાળકોને રસ રુચિ તો ક્યારેક અરુચી પણ પેદા થાય છે છતાં વર્ગખંડમાં શૈક્ષણિક કાર્યની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટે ફક્ત શાળામાં જ બધું શીખવી શકે? બધા અનુભવો પુરા પાડી શકે? ના. તો શાળા સમગ્ર જીવનના પાઠ નથી શીખવી શકતી તે પાઠ, તથા સમાજમાંથી શીખવી શકાય. તો એવું તે શું કરી શકાય તો બાળકને વધુને વધુ સામાજિક, ધાર્મિક, પારિવારિક, વગેરે ખ્યાલો-અનુભવો પુરા પાડી શકાય? તો આવા અનુભવ માટે બાળકનું સામાજિકીકરણ થવું જરૂરી છે. એ માટે પરિવાર, સમાજ, મિત્ર જૂથ, સગા સંબંધીઓ વગેરે દ્વારા સામે જીકી કરણ થાય છે તો આ માટે વિદ્યાર્થીઓ જયારે વર્ષ દરમિયાન દૂર શાળા હોસ્ટેલોમાંથી પરત ફરે છે અને ઘરે આવી આનંદમાં આવે છે ક્યારે આ વેકેશનના સમયગાળામાં આવા બાળકોને સગા સંબંધીના ઘર પરિવારના સદસ્યો ની મુલાકાત દ્વારા પરિચય કેળવવો તથા પરિવારનો જે પણ તેની ઓળખ તેમની મહેનત વ્યવસાય ની સારી નરસિંહ બાબતોથી વાકેફ કરવા વેસાઈમાં કેવી કાળજી સારાનરસા અનુભવો કહેવા વગેરે બાબતોથી વાકેફ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ વેકેશનમાં વિવિધ ધર્મસ્થાનો મંદિરો સેવાકીય સ્થાનો, ગૌશાળાઓ વૃદ્ધાશ્રમો, ઐતિહાસિક સ્થળો, વિવિધ વ્યવસાયના સ્થળો, ખેતી, કામ વણાટ, કામ મિસ્ત્રી, કામ દરજીકામ, લુહારી કામ, માટીકામ વગેરે વ્યવસાયો નાસ્તાનોની મુલાકાત તથા ઉદ્યોગ ફેક્ટરીઓમાં બનતી વિવિધ વસ્તુઓ વગેરેના અનુભવ પૂરા પાડવા પ્રયત્ન કરવા આજે દીકરા દીકરીઓ સમગ્ર વર્ષ દરમિયાન ઘરથી દૂર રહે છે અથવા તો શિક્ષણ કાર્યના કામમાંથી સમય ન મળતો હોય વેકેશનમાં દીકરીઓને રસોઈ કામ, ગુંથણ કામ, વગેરે પ્રવૃત્તિઓમાં જોડવા જોઈએ તથા છે કાર્ય શીખી શકે તેવા અનુભવ પુરા પાડવા પહેલાના સમયમાં દીકરીઓ આવા કામ બાળપણથી શીખી શકતી પરંતુ આજના યુગમાં વેકેશનમાં આવા કાર્ય શીખવી શકાય દીકરીઓને પણ વ્યવસાયિક બાબતો શીખે તે પગભર બની શકે કેટલા અનુભવ પરિવારે પૂરા પાડવા જોઈએ વેકેશન ની અંદર બાળકોને પ્રકૃતિના ખોળે વન વગડાવો પશુ પક્ષીઓ પહાડો સાગર જંગલો વચ્ચે વિવિધ વૃક્ષો પશુ પક્ષીઓની ઓળખ વિવિધ વનસ્પતિની ઓળખ આપણી પાસે જે કંઈ માહિતી જ્ઞાન છે તેના સહારે બાળકોને માહિતી ઓળખ આપવા પ્રયત્ન કરવા જોઈએ. ઘરની અંદર જે વૃદ્ધ દાદા દાદીઓ અત્યારે યાદ છે જેવો આઝાદીકાળની છેલ્લી પેઢી હયાત છે તેઓની પાસેથી અંગ્રેજો પાસેથી આઝાદી કેમ કેવી રીતે મેળવી ત્યાંનો સમય કેવો હતો કેવા કષ્ટો સહન કર્યા કેવા જીવનનો સંઘર્ષ હતો તેઓનું જીવન કેવું હતુ તેઓ અપૂરતી સુવિધામાં પણ કેવું આનંદમય જીવન જીવતા. વગેરે વાતો આ દાદા દાદી વડીલો પાસેથી મેળવવા માટે દરરોજ બાળકો વડીલો પાસે બેસે એવા પ્રયત્નો કરવા અને વાલીઓએ પણ બેસીને વાતો વાગડવી જોઈએ આજે મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં ટીવી નું મહત્વ ઘટતું જાય છે પરંતુ વેકેશનમાં બાળકોને રામાયણ મહાભારત જેવી સીરીયલો દ્વારા બાળકોમાં ધાર્મિકતા ખીલવી ને આપણા મહાન ગ્રંથોથી પરિચિત કરાવવા બાળકોને જોઈએ બાળકોને વિવિધ શેરી રમતો વિશે જણાવીને શેરી રમતોનું શારીરિક રીતે કેવું મહત્વ છે તે માટે આપણી જૂની દેશી શેરી રમતો રમતા થાય કેવા પ્રયત્નો કરવા અને પ્રોત્સાહન પૂરું પાડવું તથા રજાઓ દરમિયાન સંતો મહંતો ના પ્રવચન, કથાઓ સપ્તાહમાં વગેરેમાં બાળકોને સાથે લઈ જઈને ધાર્મિક ભાવના ની ખીલવણી થાય તેવા પ્રયત્ન કરવા. તથા આ માટે ઘર પરિવારના સદસ્યો વચ્ચે સૌ સાથે બેસી કીર્તન ભજન ભક્તિ ગ્રંથ વાંચન વગેરે થાય તેવા પરિવારે પ્રયત્ન કરવા જેથી બાળકનો દયા કરુણા દાન પર અનુકંપા મદદ કરવાની ભાવના, જેવા ગુણોની ખીલવણી માટે પરિવારના સદસ્યે આ માટે અનુભવ પૂરા પાડવા જઈએ આમ વેકેશન ભલે શૈક્ષણિક કાર્યમાં આરામ મળ્યો હોય પરંતુ બાળકના ઘડતરમાં જેટલો ઔપચારિક શિક્ષણનું મહત્વ છે એટલું જ અનોપચારિક શિક્ષણ નું છે તો આપણે આવા અનુપચારિક શિક્ષણના અનુભવો દ્વારા બાળકોનું સમગ્ર વ્યક્તિ ઘડતરમાં કંઈ પણ કચાશ રાખ્યા વગર રાષ્ટ્રના એક જવાબદાર નાગરિકને ઘડતરમાં આપણી પણ નૈતિક જવાબદારી અને ફરજ છે તો આ વેકેશનના સમયના સદુપયોગ થાય કરવા જોઈએ.

**લી.**
**ભેસાણિયા રસિકભાઈ એસ**
**સીઆરસી કો ઓ હામાપુર**
**તા બગસરા જી અમરેલી**

